ગાંધીનગર સમાચાર

# બેવડી ઋતુના અહેસાસથી વાઈરલ બિમારીનું પ્રમાણ વધ્યું

મોડાસા, તા.૬

દિવાળી બાદ ઠંડી જોર પકડશે એવી ધારણા હતી પરંતુ ડિસેમ્બરની શરૂઆતમાં પણ હજુ જોઈએ તેવી ઠંડી જામી નથી. છેલ્લા કેટલાક દિવસોથી છે અને ખાસ કરી બપોરના સમયે ગરમીનું પ્રમાણ ખાસ્સું વધી જતાં પ્રજાજનોને સવારે અને રાત્રે શિયાળા અને બપોરે ઉનાળાનો મિશ્ર અહેસાસ થતો હોય તેવું જણાઈ રહ્યું છે.



મિશ્ર ઋતુના લીધે લોકોમાં વાઈરલ બિમારીનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને બેવડી ઋતુના લીધે તાવ, શરદી, ખાંસી તેમજ માથાના દુખાવા જવી બિમારીનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. ઠંડી અને ગરમીન બેવડા અનુભવથી ટેમ્પ્રેચર વેરીએશનના લીધે શરીરનું ઈન્ટરનલ રજીસ્ટન્સ ડાઉન થઈ જતું હોય છે જેના લીધે શરીરે વાઈરલ બિમારીમાં ઝકડાઈ જાય છે. એક અંદાજ મુજબ આવા વાતાવરણના લીધે સામાન્ય દિવસો કરતાં આ વાતાવરણમાં પલટો જોવા મળે છે. વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અનુભવ થાયછે જયારે જેમ જેમ દિવસ ચઢે એમ ગરમીનું પ્રમાણ વધતું જાય દિવસોમાં વાઈરલ બિમારીનું પ્રમાણ વધી જાય છે. હાલ વાઈરલનું પ્રમાણ વધતાં દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે.

# અરવલ્લી જિલ્લાના શિક્ષકોનો વસ્તી ગણતરી પ્રક્રિયાનો બહિષ્કાર

## આ કામગીરીને લઈને શાળામાં પુરતો ન્યાય આપી શકતા નથી

મોડાસા, તા. ૬

ભારતના નાગરિકોનું રાષ્ટ્રીય રજીસ્ટ્રેશન તૈયાર કરવાની કામગીરી એનપીઆર પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી. આ વસ્તી ગણતરીને અદ્યતન બનાવવાની કામગીરી પ્રાથમિક શિક્ષકોએ જ કરવાની હતી, પરંતુ રાજ્ય પ્રાથમિક સંઘના આદેશથી અરવલ્લી જિલ્લાના શિક્ષકોએ બહિષ્કાર કરતા આજથી શરૂ થનારી વસ્તી ગણતરી કામગીરી ખોરંભે પડી છે.

વીઓ૧ નાગરિક અધિનિયમ ૧૯૫૫ અને નાગરિકતા નામાવલી ૨૦૩ અંતર્ગત ભારતના તમામ નાગરિકોનું રાષ્ટ્રીય રજીસ્ટ્રેશન કરવાની વિશાળ કામગીરી વર્ષ ૨૦૧૦માં સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પૂર્વે એનપીઆર પ્રોજેક્ટ હેઠળ હાથ ધરાયેલી રાષ્ટ્રીય વસ્તી ગણતરી પત્રકને આધારકાર્ડ નંબર સાથે જોડવા, નવા નામ ઉમેરવા કે મૃતકના નામ કમી કરવાથી માંડીને સ્થળ બદલેલા પરીવારોની માહિતી મેળવી આ પત્રકને અદ્યતન બનાવવાની કામગીરીનો પ્રારંભ આજથી અરવલ્લી જિલ્લામાં હાથ ધરનાર હતી. પરંતુ આ વસ્તી ગણતરીનો અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષકોએ બહિષ્કાર કર્યો છે. જેના કારણે આજથી શરૂ થતી વસ્તીગણતરી ખોરંભે પડી છે.



## કડકડી ઠંડીમાં ઘઉંનું પિયત

શિયાળાની શરૂઆત થતાં રવિ પાકનું વાવેતર મોટા પાયે થઈ ગયું છે ત્યારે રવિ પાકમાં મુખ્યત્વે ઘઉંનું વાવેતર વધુ કરવામાં આવે છે. હાલ ઘઉંનું વાવેતર કર્યા બાદ ખેડુતોએ પાકને પિયત આપવાનું શરુ કરી દીધું છે. શિયાળાની ગાત્રો થીજવી દે તેવી કડકડતી ઠંડીમાં પોતાની ચિંતા કર્યા વગર મોડી રાત્રે અંધારામાં અને વહેલી સવારમાં જગતનો તાત તનતોડ મહેનત કરી પાકને પિયત કરી તૈયાર કરે છે. પાક તૈયાર કરી ઉંચા ભાવ મળવાની મોટી આશાઓ અને અરમાન સાથે બજારમાં વેચવા જાય ત્યારે તો વેપારીઓ આગળતો જગતનો તાત બિચારો જ બની જાય છે.

# તલોદની બહેરા-મૂંગા શાળામાં આજે વિવિધ સવલતોનું લોકાર્પણ

તલોદ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની શ્રી માનવ કલ્યાણ મંડળ સંચાલિત જે.બી. ઉપાધ્યાય બહેરા-મૂંગા શાળાના સ્ટોરરૂમના ભૂમિ પૂજનનો તથા લોન્ડ્રી રૂમ, વૉશીંગ મશીન તેમજ સંસ્થાને મળેલ ટાટા સૂમો ગાડીની લોકાર્પણ વિધિનો અને દાતાઓના અભિવાદનનો એક પ્રેરણાદાયી સમારોહ શાળા કેમ્પસ ખાતે સોમવારે તા. ૭-૧૨-૧૫ના રોજ યોજાનાર છે.

હજારો બહેરા-મૂંગા બાળકોને શિક્ષણ-સંસ્કાર પુરૂ પાડતી તલોદની આ શાળાના પારદર્શક વહિવટ અને નાણાંના થતા સદ્ઉપયોગને કારણે નગર, રાજ્ય, દેશ અને પરદેશના પણ દાતા પરિવારો અહિં માનવ કલ્યાણ અર્થે દાનની ઉમદા સખાવત અર્પણ કરતા રહ્યા છે. તેમજ અનેક સંસ્થાઓ પણ દાનની સહભાગી બની રહી છે. જે અન્વયે સેરા ફાઉન્ડેશન અમદાવાદ તરફથી શાળાના પ્રાંગણમાં નિર્માણ પામનાર સ્ટોરરૂમ (કોઠાર) માટે રૂ. ૮,૨૭,૦૦૦ની ઉમદા સખાવત સંસ્થાને મળેલ છે. તેમજ અમેરિકા સ્થાયી થયેલા અને મૂળ દિગસ જિ. સુરતના રહીશ રીનાબહેન સંકેતભાઈ મગનભાઈ દેસાઈ પરિવારે આ શાળાને લોન્ડ્રીરૂમ તથા વૉશીંગ મશીન માટે રૂ. ૫,૫૦,૦૦૦ની સખાવત અર્પણ કરેલ છે. તે જ રીતે મૂળ રહે. હથુકા, તા. વાલોડ, જિ. તાપી (હાલ અમેરિકા)ના શ્રીમતી અંબાબહેન રમેશભાઈ પટેલ પરિવારે સંસ્થાને ટાટા સુમો ગાડી અર્પણ કરેલ છે. જેની કિંમત રૂ. ૮ લાખ નોંધાવા પામેલ છે.

**અમેરિકા સ્થિત સંકેતભાઈ મગનભાઈ દેસાઈએ આ તલોદની બહેરા-મૂંગા શાળા માટે આજીવન પ્રતિ વર્ષ લાખ રૂપિયાની સખાતવ પુરી પાડવાની કેમ્પસ ડાયરેક્ટર ભરતભાઈ બ્રહ્મભટ્ટને ઈચ્છા વ્યક્ત કરીને પોતાનો દઢ નિર્ધાર જાહેર કરતા સમગ્ર સંસ્થા પરિવારે તેઓની ઉમદા નીતિને બિરદાવી આવકારી હતી**

અત્રે ઉલ્લેખનીય છે કે તલોદની આ બહેરા-મૂંગા શાળામાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાંથી આવીને હાલ ૧૨૬ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. જેઓને રહેવા-જમવા અને કપડાં લતા સહિતની સુવિધા વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.







## મોડાસામાં કોંગ્રેસનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પોતાનો પંજો માર્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપ પ્રમુખ લાખાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં અરવલ્લી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના જીતેલા ઉમેદવારો સાથે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસના સદસ્યો સહીત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો પોતાના હસ્તક કરી છે ત્યારે આગામી સમયમાં પ્રજાકીય પ્રશ્નોનો કઈ રીતે નિકાલ લાવવો અને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સુશાસન જાળવી રાખવા કેવી રીતે કામ કરવું તે માટે બેઠક યોજવામાં આવી હતી.

# હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી કરાઈ

પાલનપુર, તા.૬

હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા રવિવારે હોમગાર્ડઝ કમાન્ડન્ટ બી.એ. ચાવડાની સુચનાથી જિલ્લાભરમાં આજે ૬ઠ્ઠી ડીસેમ્બરની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં



શહેરના મુખ્ય માર્ગો પર રૂટ માર્ચ (પ્રભાત ફેરી) યોજવામાં આવી હતી. ત્યાર બાદ સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારતના સૂત્રને સાર્થક બનાવવા માટે હોમગાર્ડઝના જવાનો દ્વારા ડીસા એરપોર્ટ ખાતે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના જવાનો દ્વારા સ્વચ્છતા અભિયાન, રકતદાન કેમ્પ, સેરોમોનિયમ પરેડ, રૂટ માર્ચ, જન જાગૃતિ અભિયાન તેમજ મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરવામાં આવી હતી. ત્યારે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના સ્ટાફ ઓફીસર (ભરતી) અને હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ અમૃતભાઈ એફ. આલની ઉપસ્થિતિમાં હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારે હોમગાર્ડઝના જવાનો દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર રૂટ માર્ચ યોજવામાં આવી હતી. ત્યાર બાદ ડીસા એરપોર્ટ ખાતે સેરોમોનિયમ પરેડ બાદ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના સ્ટાફ ઓફીસર (ભરતી) અને હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ એ.એફ. આલ, કલાર્ક બી.વી. ભોંકુ, પ્લાટુન સાર્જન્ટ એ.બી. સાધુ, આસીસ્ટન્ટ સેકશન લીડર એમ.એમ. પરમાર, એસ.કે. પંડયા, એમ.જે. પરમાર, બી.ઓ. દેસાઈ સહિત હોમગાર્ડઝના જવાનો હાજર રહ્યા હતા.

## મોડાસા ડૉ. રસિકલાલ શાહ હોસ્પિટલ ખાતે મેડીકલ કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલમાં જી.સી.એસ. હોસ્પિટલ અમદાવાદ, આદર્શ મેડીકલ સહાય કેન્દ્ર મોડાસા અને શ્રી માનવ જીવન ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ કરતા વધુ દર્દીઓની શારીરિક તપાસ કરવામાં આવી હતી.

આ કેમ્પમાં કીડની, પેશાબના રોગો, કેન્સર, આંતરડાના રોગો સહીતના દર્દોની તપાસ કરી યોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પ બાદ જરૂરી સર્જરી અને સારવાર રાહત દરે કરી આપવામાં આવનાર છે. સાથે દર્દીઓની તપાસ કાર્ય બાદ જરૂરી દવાઓ પણ મફતમાં આપવામાં આવી હતી.

મોડાસા સહીતના આસપાસના તાલુકામાંથી જરૂરીયાતમંદ લોકોએ આ કેમ્પનો લાભ લઈ યોગ્ય નિદાન કરાવ્યું હતું. સાર્વજનિક હોસ્પિટલ દ્વારા આ પ્રકારની વિશિષ્ઠ સેવાઓ જિલ્લાના દર્દીઓના લાભાર્થે આવનારા સમયમાં પણ પુરી પાડવામાં આવનાર હોવાનું હોસ્પિટલ સત્તાધીશો દ્વારા આયોજન કરવામાં આવનાર છે.

# નર્મદાના પાણીના જથ્થા મુદે શ્વેતપત્રની કોંગ્રેસની માંગણી

અમદાવાદ, તા.૬

છેલ્લા ૧૪ વર્ષમાં નર્મદાના પાણીનો જથ્થો કેટલો સિંચાઈ માટે, કેટલો પીવાના પાણી માટે અને કેટલો ઉદ્યોગોને ફાળવવામાં આવ્યો તે અંગે શ્વેતપત્ર બહાર પાડવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રવિ પાક અને પીવાના પાણી માટે જાહેરાત કરેલ ૫,૧૨૫ ક્યુસેક પાણી હકીકતમાં પહેલાના વર્ષમાં કેટલું પાણી ફાળવવામાં આવતું હતું. તેનો કોઈ ઉલ્લેખ નથી, શું આ પાણીનો જથ્થો પ્રથમ વખત ફાળવવામાં આવી રહ્યો છે. ગુજરાતની જીવાદોરી એવી નર્મદા યોજનાનો મુખ્ય હેતુ સિંચાઈ અને પીવાનું પાણી છે. ભાજપ સરકારના ઉદ્યોગપતિઓ પ્રત્યેના ઓળઘોળ પ્રેમને કારણે ૨૦ હજાર કરતાં વધુ ઉદ્યોગો કરોડો લિટર પાણી પ્રતિદિન સરકારી પરવાના હેઠળ ખેંચી રહ્યા છે. જ્યારે ૨૦ હજાર કરતાં વધુ ઉદ્યોગો ગેરકાયદેસર રીતે વધારાનું પાણી લૂંટી રહ્યા છે.

ગુજરાતમાં ભાજપ સરકાર ઉદ્યોગ ગૃહો મળતીયાઓના મેળાપીપણામાં વર્ષે દહાડે બે હજાર કરોડ રૂપિયાના પાણીની લૂંટનો કારોબાર ધમધમી રહ્યો છે. બીજી બાજુ ૮,૦૦૦ જેટલા ગામોમાં લોકો પીવાના પાણી વિના પરેશાની ભોગવે છે. મહાનગરો, નગરપાલિકાઓના અનેક વિસ્તારોમાં શહેરી નાગરિકોને પાણી માટે કલાકો સુધી હેરાન થવું પડે છે. ભાજપ સરકારની ઈચ્છાશક્તિના અભાવે અને ગુન્હાહિત બેદરકારીને કારણે ગુજરાતના ફાળે આવતા નર્મદાના ૯ મિલિયન એકટ ફીટ પાણીના જથ્થાનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. છેલ્લા ૧૪ વર્ષમાં નર્મદા કેનાલ નેટવર્ક સ્થાપિત કરવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે અને આજે ૫૦ હજાર કિ.મી.નું કેનાલ નેટવર્ક બાકી છે. ભાજપ સરકાર વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ સુધીમાં નર્મદાના પાણીના જથ્થામાંથી ખેડુતોને સિંચાઈ માટે, નાગરિકોને પીવા માટે અને ઉદ્યોગોને કેટકેટલું પાણી વર્ષવાર ફાળવણી કરવામાં આવ્યું તે અંગે શ્વેતપત્ર બહાર પાડે તેવી કોગ્રેસ પક્ષની માંગણી છે.

## ભારતના તમામ સમાજનું હિત ભાજપની વિચારધારા : ફળદુ

અમદાવાદ, તા.૬

પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ ગઈકાલે કોંગ્રેસ દ્વારા સામાજિક સંવાદિતાને ડહોળવાના પ્રયાસની આકરી ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, ભાજપા હંમેશા સામાજિક સોહાર્દથી જાહેરજીવનમાં વિકાસની રાજનીતિને વરેલો છે. ભાજપાની વિચારધારાં સર્વસમાજનું હિત છે.

ફળદુએ કોંગ્રેસ માત્ર રાજકીય લાભ મેળવવાના તકવાદને સહારે ચાલી રહી છે તેવું જણાવી ઉમેર્યું હતું કે, કોંગ્રેસ છેલ્લા કેટલાક મહિનાઓથી રાજ્યના વિવિધ સમાજો વચ્ચે પરસ્પર અવિશ્વાસ પ્રસરે તેવી રાજકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. રાજકીય લાભ ખાટવાના ઈરાદે સમાજોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ તેની કોઈ કારી ફાવવાની નથી. ફળદુએ સોય ઝાટકીને સ્પષ્ટ કર્યુ હતું કે, પાટીદાર સમાજને હંમેશા ભાજપમાં અતૂત વિશ્વાસ રહ્યો છે. પાટીદાર સમાજ હંમેશા પ્રગતિશીલ રહ્યો છે, વિકાસને વરેલો છે. કોંગ્રેસની મતલક્ષી બગલાવૃત્તિને વર્ષોથી ગુજરાતની પ્રજા જો છે.

## ત્રિવિધ કાર્યક્રમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓએ આજે રજાના દિવસે પણ આ ત્રિવિધ કાર્યક્રમને સફળ બનાવવા સતત દોડધામ કરી હતી. ગાંધીનગમરાં એન.આર.એચ.એમ. ચાલતી વિવિધ યોજનાના અસરકારક અમલીકરણ માટે અલાયદી કચેરી કાર્યાન્વીત કરી દેવામાં આવી છે પરંતુ જગ્યાની સંકડામણને લઈ સિવિલ સંકુલમાં ત્રણ મજલાની કચેરી અલગથી બનાવવામાં આવી છે.

## માહિતગાર કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ ન કરવા સહીતના મુદ્દે સમજણ આપી માર્ગ પર સલામતી જળવાઈ રહે તે માટે માહીતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં સે-૨૧ પોલીસ સ્ટેશનના પી આઈ એલ બી મોણપરા, હોમગાર્ડના જિલ્લા કમામન્ટન્ટ જેઠવા ,પ્રદીપસિંહ સોઢા,નટુસિંહ ભાટીએ પણ સહયોગ આપ્યો હતો.

## પીપીપી પ્રોજેક્ટસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારફતે અમલી બનાવવામાં આવશે. છ પ્રોજેક્ટોને સૈદ્ધાંતિકરીતે મંજુરી મળી ગઈ છે. મેગા ઈન્વેસ્ટમેન્ટ પ્લાન માટે સંશાધનોની કમી દેખાઈ રહી છે ત્યારે રેલવે ફંડ ઉભા કરવા માટે જુદા જુદા વિકલ્પ ઉપર વિચારણા કરવામાં વ્યસ્ત છે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું છે કે, પીપીપી મોડલ અને રાજ્ય સરકારો સાથે સંયુક્ત સાહસ મારફતે મોટાપાયે આગળ વધવાની યોજના છે. આગામી પાંચ વર્ષ માટે ભારતીય રેલવે ૮.૫૬ લાખ કરોડના ઈન્વેસ્ટમેન્ટ પ્લાન ધરાવે છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ અને રાજ્યોના સહકાર સાથે આ યોજના આગળ વધશે. તેમના સંબંધિત રાજ્યોમાં રેલવે પ્રોજેક્ટને અમલી બનાવવા સ્પેશિયલ પર્પોઝ વ્હીકલ (એસપીવી)ની રચના માટે ૧૬ રાજ્યો મંજુરી આપી ચુક્યા છે. ઓરિસ્સા સરકારે તાજેતરમાં જ રેલવે સાથે એક સમજૂતિ કરી લીધી છે. અધિકારીઓના કહેવા મુજબ ૨૦૦૨-૨૦૧૪ દરમિયાન ૩૧૫૩ કરોડ રૂપિયાના કુલ આઠ બંદર કનેક્ટીવિટી પ્રોજેક્ટોને લીલીઝંડી મળી ચુકી છે અને આ પ્રોજેક્ટો અમલી બની ચુક્યા છે. આમા મુંદ્રા પોર્ટ અને પીપાવાવ-સુરેન્દ્રનગર, હસન-મેંગ્લોર, ગાંધીધામ-પાલનપુર, ભરુચ-દહેજ ગેજ રૂપાંતર પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટોમાં ૧૦૩૦ કિલોમીટરની નવી રેલવેલાઈન બીછાવવામાં આવી છે. ઉપરાંત રેલવે દ્વારા ખાનગી ભાગીદારી સાથે ૪૦૦ સ્ટેશનોને રિડેવલપ કરાયા છે.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

જોકે સંઘ પરિવાર જેનો આગ્રહ કરે છે એ 'વંદે માતરમ્' ધાર્મિક વિવાદમાં ફસાય. એ ઉપરાંત બંકિમ બાબુની 'આનંદમઠ' નવલકથામાંથી એને લેવામાં આવ્યું છે તેનો વિવાદ પણ ઘણો વિશદ છે. ૧૮૮૦ના ગાળામાં લખાયેલી 'આનંદમઠ' નવલકથા સંઘ પરિવારને માફક આવે છે, કારણ એમાં મુસ્લિમ શાસકોને ખલનાયક અને બ્રિટિશ શાસકોને મુક્તિદાતા ગણાવવામાં આવ્યા છે. 'આનંદમઠ'ની કૃતિમાં આઠ વાર ફેરફાર કરવામાં આવ્યા છે. સર્વપ્રથમ આવૃત્તિમાં અંગ્રેજોને ખલનાયક ગણાવાયા હતા,પરંતુ બંકિમબાબુ અંગ્રેજોની નોકરીમાં રાઈટર્સ બિલ્ડિંગ-કોલકાતામાં કાર્યરત હતા એટલે એમની નોકરીને માથે તોળાતા સંકટને જોઈને એમણે 'આનંદમઠ'નો પ્લૉટ બદલીને મુસ્લિમ શાસકોને ખલનાયક અને અંગ્રેજ શાસકોને મુક્તિદાતા ગણાવ્યા હતા. આમ છતાં એમની રાઈટર્સ બિલ્ડિંગમાંથી બદલી કરીને અંતરિયાળ બંગાળમાં ફંગોળવામાં આવ્યા હતા.

રાષ્ટ્રગીતના શબ્દો કે ધૂન શરૂ થાય ત્યારે એના સન્માનમાં ઊભા થવાની માર્ગદર્શિકા કેન્દ્રના ગૃહમંત્રાલયે વર્ષોથી આપેલી છે,પરંતુ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા મુજબ કોઈને રાષ્ટ્રગીત ગાવાની ફરજ પાડી શકાય નહીં. રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે ઊભા થવું નહીં એ પણ ગુનો બનતો નથી, એવું કાનૂન વિદોનું માનવું છે. જોકે આ વિવાદ અનંત સુધી ચાલશે.એટલે જ નવું રાષ્ટ્રગીત જરૂરી બને છે.

**લેખક : વરિષ્ઠ પત્રકાર અને સેન્ટર ફોર એજ્યુકેશન, રિસર્ચ એન્ડ પ્રોગ્રેસ(સીઇઆરપી)ના અધ્યક્ષ છે.**

- haridesai@gmail.com

## જીએસટી બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને રિયલ એસ્ટેટ બિલ સોમવારથી શરૂ થતાં સપ્તાહ દરમિયાન રાજ્યસભામાં એજન્ડા યાદીમાં છે. જીએસટી બિલના સંદર્ભમાં રાજકીય રમત ચાલી રહી છે. રાજ્યસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટિ દ્વારા જીએસટી બિલના પસાર અને ચર્ચા માટે ચાર કલાકનો સમય આપ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ વાણિજ્યમંત્રી કમલનાથ કહી ચુક્યા છે કે, સરકાર જીએસટી પર ૧૮ ટકા મર્યાદાને સ્વીકારવાના મુદ્દે જીદ્દી વલણ અપનાવી રહ્યુંછે. મુખ્ય વિરોધપક્ષ દ્વારા સુધારાને લઈને પોતાની માંગણી ઉપર મક્કમ રહેવામાં આવશે. બંધારણીય સુધારા મારફતે મર્યાદાને રજૂ કરવા માટે પોતાની તરફેણ કરતા કમલનાથે કહ્યુંછે કે, સંસદમાં સાદી બહુમતિ દ્વારા કોઈ ફેરફાર ન કરાય તેની ખાતરી કરવાની જરૂર છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, જીએસટી બિલ તેમનું પોતાનું બિલ છે અને તે આ બિલને પસાર કરવા માટે આશાવાદી છે પરંતુ તે માંગણી ઉપર કોઈ બાંધછોડ કરશે નહીં. શુક્રવારના દિવસે મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમના નેતૃત્વમાં પેનલે ૧૭-૧૮ ટકાના જીએસટી રેટનું સૂચન કર્યુંહતુંઅને આંતરરાજ્ય વેચાણ ઉપર એક ટકાના વધારાના ટેક્સને પડતા મુકવાની તરફેણ કરી હતી પરંતુ બંધારણમાં જીએસટી રેટના સમાવેશને લઈને વાંધો છે. બીજેડી, એનસીપી, જેડીયુ અને બસપ જીએસટીને લઈને તેમની તરફેણની વાત કરી ચુક્યા છે. કેટલાક અન્ય વિરોધી પક્ષો પણ કોંગ્રેસની ઝાટકણી કાઢી ચુક્યા છે.

## વ્યાજદર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યાજદર ઘટાડો કરવા માટે ઈચ્છુક છે. સૂત્રોનું કહેવું છે કે, સંસદનું શિયાળુ સત્ર હાલમાં ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં વ્યાજદર નક્કી કરવા માટેની દરખાસ્ત આગામી બેઠક ઉપર જતી રહે તેમ માનવામાં આવે છે. આરબીઆઈએ આ વર્ષે વ્યાજદરમાં ૧.૨૫ ટકાનો કુલ ઘટાડો કર્યો છે પરંતુ બેંકો દ્વારા લોકોને ખુબ ઓછો લાભ આપવામાં આવે છે. બેંકો દ્વારા ફંડના ઉંચા ખર્ચની વાત કરવામાં આવે છે. આરબીઆઈએ સપ્ટેમ્બરના અંતે વ્યાજદરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યા બાદ નાણામંત્રાલયે કહ્યું હતું કે, નાની બચત યોજનાઓ પર વ્યાજદરને ઘટાડવામાં આવશે. પોસ્ટ ઓફિસ માસિક આવક યોજના (એમઆઈએસ), પબ્લિક પ્રોવિડંડ ફંડ (પીપીએફ), પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ સ્કીમ, સિનિયર સિટીઝન બચત યોજના, પોસ્ટ ઓફિસ, પોસ્ટ ઓફિસ બચત ખાતા, સુકન્યા સમૃદ્ધિ ખાતા સહિતની સ્કીમો પર વ્યાજદર ઘટે તેમ માનવામાં આવે છે. નાણામંત્રી અરુણ જેટલી હાલમાં જ કહી ચુક્યા છે કે, સરકાર નાની બચત પર વ્યાજદરને સાવધાનીપૂર્વક ઘટાડશે જેથી નબળા વર્ગના લોકોના હિતોનું રક્ષણ થશે. બાળકીના નામ ઉપર લોકો દ્વારા રોકાણ કરવામાં આવતી સુકન્યા સમૃદ્ધિ સ્કીમ ૯.૨ ટકા વ્યાજ આપે છે. નાની બચત થાપણનો દર ૮.૭-૯.૩ ટકા સુધીનો છે.